જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૫/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૯૨૮/૧૭**

## "અમદાવાદ શહેર તેમજ રાજ્ય બહાર ખાસ કરીને મુંબઈ ખાતેથી ગાડીઓના કાચ તોડી ગાડીઓમાંથી પૈસાની ચોરી કરતા રીઢા આરોપી "સતિષ ઈન્દ્રેકર" ને પકડી પાડતી ક્રાઈમ બ્રાન્ચ"

.................................................................................................................................................

અમદાવાદ શહેર વિસ્તારમાં મિલકત સબંધી બનતા ગુન્હાઓ શોધી કાઢવા સારુ નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ નાઓએ આપેલ સુચના અનુસંધાને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડ-૧ ના પોલીસ સબ ઈન્સપેક્ટર બી.એચ.કોરોટ તથા કે.ડી.જાડેજા નાઓએ સાથેના સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન કુબેરનગર કનૈયા દુધઘર પાસેથી બાતમી આધારે બાપુનગર પો.સ્ટે.ફ.ગુ.ર. નં.૧૩/૧૭ ઇપીકો-૩૭૯,૪૨૭,૧૧૪ મુજબ તેમજ બાપુનગર પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૧૯/૧૭ ઇપીકો-૩૭૯ મુજબના ગુનાનોનાસતો-ફરતોઆરોપીસતિષ સ/ઓ લાલીયા જાતે ઈન્દ્રેકર ઉ.વ.૨૮ ધંધો.મજુરી રહે- સિંગલચાલી બંગલા એરીયા કુબેરનગર અમદાવાદનાનેપકડી પાડેલ અને તેઓની સઘન પુછપરછ કરતા તેઓએ ઉપરોક્ત મુજબના ગુન્હાની કબુલાત કરેલ છે અને જેમાં એક ગુન્હો એક્ટીવાની ડેકીમાંથી રુ.પાંચ લાખની ચોરી કરવાનો તેમજ બીજો કાર ચાલકની નજર ચુક્વી તેની ગાડીનો કાચ તોડી રુ.ત્રણ લાખની ચોરી કરવાની કબુલાત કરેલ છે અને જે ગુન્હામાં આ આરોપી ભાગતો ફરતો હતો.

<u>ગુનાહીત ઈતિહાસ</u> :

આરોપી અમદાવાદ શહેર ખાતે રામોલ , વસ્ત્રાપુર, એલીસબ્રીજ, નરોડા પોલીસ સ્ટેશન, ખાતે તેમજ ગાંધીધામ કચ્છ ખાતે અને રાજ્ય બહાર મુંબઈ ખાતે ગાડીઓના કાચ તોડી ચોરી કરવાના ગુન્હામાં પકડાયેલ છે અને આ સિવાય એક વાર પાસા પણ કાપેલ છે.

## <u>અસલાલી પોલીસ સ્ટેશનના મારામારીના ગુનામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ</u>

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાસતા ફરતા આરોપીઓ તથા પેરોલ ફર્લો જમ્પ થયેલ આરોપીને પકડવા આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી. ના પો.સ.ઇ. શ્રી એન.એન.રબારી તથા પોસઇ શ્રી જે.કે.રાઠોડ નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન જુહાપુરા હાજરા મસ્જીદ પાસે આવતા હે.કો.કરશનભાઇ કેશાભાઇ તથા પો.કો કલ્પેશકુમાર નારાયણભાઇ નાઓની સંયુકત બાતમી હકીકત આધારેજુહાપુરા અંબર ટાવર સામે એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસેથી આરોપીઆસીફખાન અશરફખાન પઠાણ ઉ.વ.૨૩ રહે, મ.નં.૭, મોહમદી ડુપ્લેક્ષ ફતેવાડી કેનાલ પાસે, અમદાવાદ શહેરનો મળી આવેલ. જેની પુછપરછ કરતાં આજથી ત્રણેક માસ



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

અગાઉ કસ્વા પાર્ક સોસાયટીમાં રહેતા મોફીસ સાથે ઝઘડો થયેલાની હકીકત જણાવેલ. જેથી આ બાબતે અસલાલી પો.સ્ટે.સે.ગુ.ર.નં.૦૭/૨૦૧૭ઇપીકો કલમ ૩૨૩, ૫૦૬(૨) મુજબનો ગુનો દાખલ થયેલ હોય સદરી આરોપીને તા.૦૨/૦૫/૨૦૧૭ ના કલાક ૧૨/૧૫વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી વધું તપાસ અર્થે અસલાલી પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.તા.૦૨/૦૫/૨૦૧૭

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)